ડીસા ડીવાયએસપીના હસ્તે વિદ્યાર્થીઓને સન્માનિત કરાયા

ડીસા ખાતે વિદ્યાર્થીઓનો દિક્ષાંત સમારોહ અને સર્ટીફીકેટ વિતરણ કાર્યક્રમ ડીસાના નાયબ પોલીસ અધિક્ષક ડૉ. કુશલ ઓઝા, સમસ્ત બ્રહ્મસમાજ બનાસકાંઠા જિલ્લાના પૂર્વ પ્રમૂખ નવુભાઈ જોષી, પુરૂષોત્તમભાઈ પુરોહિત અને સ્વીટીબેન મંગનાણીની ઉપસ્થિતિમાં યોજવામાં આવ્યો હતો. ડીસામાં વેકેશન ૨૦૨૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓનો કોર્ષ પૂર્ણ થતાં તેમને સરકાર માન્ય સર્ટિફિકેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ડૉ. કૌશલ ઓઝાએ વિદ્યાર્થિઓને પોતાના જીવનમાં કંઈ રીતે આગળ વધવું તે અંગે ખુબ જ ઉમદા માર્ગદર્શન આપ્યું હતું તેમજ વિદ્યાર્થીઓએ પણ પોતાના અનુભવો રજુ કર્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે કૈલાશભાઈ દવે સહિત સ્ટાફ મિત્રોએ સાથ સહકાર આપ્યો હતો.

પ્રાંતિજના બાલીસણા ગામેથી પ્રાંતિજ પોલીસે એક બોટલ વિદેશી દારૂ સાથે એક ઈસમને ઝડપી પાડયો

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના બાલીસણા ગામે રહેતા વિજયસિંહ રમેશસિંહ મકવાણાએ ઘરની બાજુમા સતાડેલ વિદેશી દારૂની એક બોટલ પ્રાંતિજ પોલીસે ઝડપી પાડી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી. પ્રાંતિજ પોલીસ બાલીસણા ગામ બાજુ પેટ્રોલિંગમા હતી તે દરમ્યાન તેવોને બાતમી મળી કે બાલીસણા ગામમા રહેતો વિજયસિંહ રમેશસિંહ મકવાણા જે પોતાના રહેણાંક મકાન ની બાજુમા ખુલ્લી જગ્યામા વિદેશી દારૂ ની બોટલ સતાડેલ છે જેને લઈને પ્રાંતિજ પોલીસ દ્વારા બાતમી મળેલ જગ્યાએ જતા વિજયસિંહ રમેશસિંહ મકવાણા ઉ.વર્ષ-૨૫ ,રહે મકવાણાવાસ તા.પ્રાંતિજ , જિ. સાબરકાંઠા તેને સાથે રાખી તેની મકાનની બહાર ખુલ્લી જગ્યાએ તપાસ કરતા તાજુ ખોદકામ કરેલ હોય પોલીસ દ્વારા તપાસ કરતા તેની અંદર થી વિદેશી દારૂ ની ઓફિસર ચોઇસ ક્લાસિક વ્હિસ્કી ની ૭૫૦ મીલી ની કાચની બોટલ એક જેની કિંમત-૪૩૫ કે જે વેચાણ સારૂ સંતાડેલ હોય જે રેઇડ દરમ્યાન મળી આવતા પકડાઇ જતા પ્રાંતિજ પોલીસે વિજયસિંહ રમેશસિંહ મકવાણા વિરૂધ્ધ ગુનોનોંધી આઇપીસીકલમ-૬૫ (એ) , (ઈ) ૧૧૬ (બી) મુજબ ગુનોનોંધી આગળની કાયદેસર ની કાર્યવાહી હાથ ધરવામા આવી હતી.

સાઠંબા કડવા પાટીદાર સમાજનું ગૌરવ

ધીબાયડ તાલુકા પ્રાથમિક ટીચર્સ મંડળી ની સાધારણ સભા માં શ્રી સાઠંબા ૪૨ કડવા પાટીદાર સમાજના મંત્રી તરીકે ફરજ બજાવતા શ્રી જગદીશભાઈ કાંતિભાઈ પટેલ સરસોલી જેઓની બિનહરીફ ચેરમેન તરીકે વરણી થવા બદલ શ્રી સાઠંબા ૪૨ કડવા પાટીદાર સમાજ હર્ષની લાગણી અનુભવે છે મંડળીની સ્થાપના થી આજ દિન સુધી અમારા સમાજનો કોઈ ચેરમેન બનેલ નથી સૌપ્રથમવાર જગદીશભાઈ ની વરણી ચેરમેન તરીકે થતાં સમાજના આગેવાનો તથા સમાજની ફંડ રાઈઝર્સ કમિટી ના ચેરમેન શ્રી પ્રકાશભાઈ એન.પટેલ એ શુભેચ્છા પાઠવી હતી

સાબરકાંઠાનું ગૌરવ... વિશ્વ ઉમિયાધામમાં પ્રભારી તરીકે નિમણૂક...

વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન અમદાવાદના પ્રમુખશ્રી આર.પી.પટેલ અને ઉપપ્રમુખશ્રી ડી.એન.ગોલ તેમજ કેન્દ્રીય સંગઠન મંત્રીશ્રી વિક્રમભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગત ૧૦ જુલાઈ રવિવારના રોજ વિશ્વ ઉમિયાધામ અમદાવાદ ખાતે કેન્દ્રીય કમિટીની બેઠક મળી હતી. જેમાં હિંમતનગર તાલુકાના સુરજપુરા ગામના વતની અને વિશ્વ ઉમિયાધામ અમદાવાદ સંસ્થામાં સાબરકાંઠા જિલ્લા વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનમાં ચેરમેન તરીકે સેવા આપતા મુકેશકુમાર અમૃતભાઈ પટેલને અમદાવાદની કેન્દ્રીય કમિટી દ્વારા ઉત્તર ઝોનના સાત જિલ્લાના પ્રભારી તરીકે નિમણૂક કરતા પાટીદાર સમાજમાં આનંદની લાગણી પ્રસરી છે.

શ્રીનાથ કો.ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી, મોડાસાના ૨૫ વર્ષની ઉજવણીના ભાગ રૂપે મોટીવેશનલ કાર્યક્રમ યોજાયો

મોડાસા નગરની અગ્રગણ્ય સંસ્થા શ્રીનાથ કો.ઓપરેટીવ ક્રેડીટ સોસાયટી અને શ્રી મ. લા. ગાંધી ઉચ્ચતર કેળવણી મંડળના સંયુકત ઉપક્રમે કોલેજના પ્રમુખશ્રી નવિનચંદ્ર આર. મોદીની અધ્યક્ષતામાં શ્રી ગૌરાંગ પંડયાનો મોટીવેશનલ કાર્યક્રમ કોલેજ કેમ્પસના ભા.મા.શાહ હોલ ખાતે યોજાયો જેમાં અતિથિ વિશેષ તરીકે શ્રી મહેન્દ્રભાઈ (મામ) શાહ ઉપસ્થિત રહયા હતા તથા મોટી સંખ્યામાં સભાસદો, તથા કોલેજ કેમ્પસના આચાર્યશ્રીઓ અધ્યાપકો તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહયા હતા. જેમાં સૌ પ્રથમ મંડળીના ચેરમેન શ્રી વિરેનભાઈ એચ. શાહ એ સ્વાગત પ્રવચન તથા વા. ચેરમેનશ્રી નિખીલભાઈ એસ. શાહ મેનેજિંગ ડીરેકટરશ્રી બિપીનભાઈ સી. શાહ તથા કામેશભાઈ બી. શાહએ મહેમાનદને બુકે શાલ તથા તથા મોમેન્ટોથી સ્વાગત કર્યું હતું

અંતિસરાથી વાત્રક સુધી ધોધમાર ૩ ઈંચ વરસાદ : ખેતરો બેટમાં ફેરવાયા

૪ તળાવોમાં પાણીની આવક શરુ : મૂંગા પશુધન માટે ઘાસચારા, પાણીની સમસ્યા ટળી

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૨

અરવલ્લી જિલ્લામાં ૨ દિવસથી અષાઢી માહોલ જામ્યો છે. જેમાં અંતિસરા થી વાત્રક સુધી સોમવારે સવારે ધોધમાર સ્વરુપે ૩ ઈંચ વરસાદ ખાબકતાં ખેતરો બેટમાં ફેરવાયાં હતાં. જ્યારે ૪ તળાવોમાં પણ પાણીની આવક શરૂ થઈ છે. ૨ કલાકમાં ૩ ઈંચ વરસાદ ખાબક્યો હોવાના કારણે રોડ સાઈડનાં નાળામાં પણ વરસાદનું ધસમસતું પાણી જોવા મળ્યું.

જિલ્લામાં આ વખતે વરસાદની પેટર્નનાં બદલાવ જોવા મળ્યો. જે વિસ્તારમાં કાળા ડીબાંગ વાદળો ઘેરાયાં હોય ત્યાં ઓછો વરસાદ અને જ્યાં ધારણા જ ન હોય ત્યાં ધોધમાર વરસાદ નોંધાઈ રહ્યો છે. જિલ્લામાં ૨૪ કલાક દરમ્યાન સક્રીય થયેલી વરસાદી સીસ્ટમમાં અનેક વિસ્તારો વરસાદથી તરબોડ થયાં છે. સોમવારની સવારે પણ વરસાદનું હેત યથાવત રહ્યું હતું જેમાં અંતિસરાથી વાક સુધીના વિસ્તારમાં બે કલાકમાં જ ૩ ઈંચ વરસાદ વરસી જતાં ખેતરો બેટમાં ફેરવાયાં હતાં, ધોધમાર વરસાદના કારણે સૂકાભઠ્ઠ ૩ તળાવમાં પણ પાણીની આવક શરુ થવાથી પ્રજા અને ખેડૂતોએ રાહત અનુભવી છે. જો કે જે રીતે ધોધમાર સ્વરુપે વરસાદ વરસી રહ્યો છે તે જોતાં આગામી સમયમાં વરસાદ ઉપર બ્રેક નહીં આવે તો આ વિસ્તારના ખેતરોમાં વાવેતર થયેલ ખરીફ પાકને વધુ વરસાદથી નુકસાન થવાની શક્યતા પણ નકારી શકાય તેમ નથી. ૨ દિવસથી વાતાવરણમાં અસહ્ય ઉકળાટ અનુભવાયા બાદ વરસાદ વરસતાં હવે વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. ધોધમાર સ્વરુપે વરસાદ ખાબકતાં તળાવોમાં જે રીતે પાણીની આવક શરુ થઈ છે તે જોતાં આગામી સમયમાં આ વિસ્તારના મૂંગા પશુધન માટે પીવાના પાણીની સમસ્યા તેમજ લીલા ઘાસચારાની સમસ્યા આપોઆપ હલ થવાના અણસાર છે.

તળાવોમાં પાણીની આવકથી જળસ્તરમાં સુધારો આવશે..

અંતિસરા થી વાત્રક સુધીના વિસ્તારમાં ગત રોજ વરસેલા ધોધમાર વરસાદના કારણે ખેતરો પાણીથી જળમગ્ન થયાં છે. તળાવમાં પણ પાણીની આવક શરુ થઈ હોવાના કારણે આગામી ટૂંક સમયમાં ભૂગર્ભ જળસ્તરમાં સુધારો આવી શકે છે. ૧ થી ૩ ફૂટ સુધી પાણીના તળ ઉપર આવવાથી હવે ખેડૂતોને તેનાં સિંચાઇના રૂપમાં પણ ફાયદો થવાની સંભાવના છે.

વરસાદે ખેતીનું ચિત્ર સુધાર્યું..

અષાઢમાં વરસતા વરસાદથી ખેતીને મોટો ફાયદો થઈ રહ્યો છે. ગત રોજ અંતિસરાથી વાત્રક સુધીના વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસ્યો હોવાથી આ વિસ્તારમાં ખેતીનું ચિત્ર સુધારા ઉપર આવ્યું છે. અગાઉ વરસાદ ખેંચાતાં ખેડૂતો ચિંતામાં સરી પડવા હતા પરંતુ હવે ધોધમાર વરસાદ વરસ્યો હોવાથી ખેતીનું ચિત્ર સુધર્યું છે. જ્યારે વરસાદના અભાવે વાવેતર ન કરી શકેલા ખેડૂતોએ પણ હવે બાકી વાવેતરની તૈયારીઓ આરંભી છે.

જિલ્લામાં વરસાદથી ગામડાના રસ્તા ચિંથરેહાલ: નબળા કામની વરસાદે પોલ ખોલી....!!

બાયડ (બ્યુરો ઓફિસ), તા.૧૨

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાના ૧૪ તાલુકામાં વરસાદ વરસવાની શરુઆત થતાંની સાથે રસ્તા ચિંથરેહાલ બન્યા છે. રસ્તાનું નબળું કામ વરસાદની ઝંક ઝીલી ન શકતાં રસ્તાઓ ઉપર ખાડા પડી જતાં વાહન વ્યવહાર જોખમી બન્યો છે. જિલ્લામાં ભારે વરસાદ પછી એક પછી એક ગામડાંને જોડતા રસ્તા બિસ્માર હાલમાં ફેરવાઈ રહ્યા છે. સરકાર દ્વારા ગોમડાંને જોડતા રસ્તા સુધારવા માટે લાખો રુપિયાનું આંધણ કરવામાં આવતું હોય છે પરંતુ કામ કરનાર એજન્સીઓ અને અધિકારીઓની મીલીભગતથી રસ્તાના કામોમાં વેઠ ઉતારી ભ્રષ્ટાચાર આચરવામાં આવતો હોય છે. પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાથી માંડી માર્ગ અને મકાન વિભાગ હસ્તકના અન્ય રસ્તા પણ ચોમાસાના પ્રારંભ સાથે ખખડધજ બનવા લાગ્યા છે. જિલ્લામાં છેલ્લા ૩ દિવસથી વરસાદ વરસી રહ્યાં હોવાથી હવે ગામડાના રસ્તાના કામોની પોલ ખૂલવા લાગી છે. બંને જિલ્લાના ૧૪ તાલુકામાં ગ્રામ્ય વિસ્તારના અસંખ્ય રસ્તા ઉપર ગાબડાં પડી જતાં વાહન ચાલકોની મુશ્કેલીમાં વધારો થયો છે. ગામડાના રસ્તા ઉપર ભયજનક ગાબડાં પડવાં હોવા છતાં જવાબદાર તંત્ર કુંભકર્ણની નિંદ્રામાં પોઢતું હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. રસ્તાના કામો શરુ થયા તે સમયે ગ્રામ્ય વિસ્તારના જાગૃત નાગરિકો દ્વારા કામની ગુણવત્તા જળવાઈ ન હોવાની ફરિયાદો કરવામાં આવી હતી પરંતુ ચબરાક અધિકારીએ ફરિયાદોને હોશિયામાં ધકેલી દઈ કામો પૂર્ણ કરાવી દીધા હતા જેમાં હવે વરસાદે એક પછી એક નબળા કામની પોલ ખોલી નાખી છે.

મોડાસા : કમલમ સર્કલ પર સંત શ્રી દેવાયત પંડિત દાદાની મૂર્તિનું સ્થાપન

ગુરુ પૂર્ણિમા પહેલા ભક્તોની નારાજગી દૂર કરવામાં ભાજપ સફળ : દેવરાજ ધામના મહંત શ્રી ધનગીરી મહરાજના હસ્તે ભાજપ જીલ્લા પ્રમુખ રાજેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં ઉપસ્થિતિમાં મૂર્તિનું સ્થાપન કર્યું : બાજકોટ ગાદ્દસહીત ભક્તોમાં હર્ષોલ્લાસ છવાયો

મોડાસા, તા. ૧૨

અરવલ્લી જીલ્લાના મોડાસા શહેરમાં વકરતી જતી ટ્રાફિકની સમસ્યાને હલ કરવા નગરપાલિકાની ટાઉન પ્લાનિંગ કમિટી ધ્વારા શહેરમાં નવ જગ્યાએ સર્કલ બનાવવાનો નિર્ણય કરી બાયપાસ સહીત અલગ અલગ સ્થળે સંત મહાત્મા અને દેશના સપૂતોની પ્રતિમા સ્થાપિત કરી લોક ભાગીદારીથી લોકાર્પણ કરવામાં આવ્યું છે ત્યારે મોડાસા બાયપાસ રોડ દેવરાજ ધામ નજીક શ્રી કમલમ કાર્યાલયની નજીક સર્કલ પર કમળ સ્થાપિત કરી કમલમ સર્કલ નામ આપવામાં આવતા શ્રી દેવાયત પંડિત દાદાના ભક્તોમાં અંદરો અંદર ભારે રોષ પ્રવર્તી રહ્યો હતો અને કમલમ સર્કલ પર દેવાયત સર્કલ બનાવવામાં આવેની માંગ ઉઠતા આખરે ગુરુપૂર્ણિમા ૨૪ કલાક પહેલા કમલમ સર્કલ પર સંત શ્રી દેવાયત પંડિતની મૂર્તિ સ્થાપિત કરી ભક્તોની નારાજગી દૂર કરવામાં ભાજપ સફળ રહ્યું હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે. મોડાસા શહેરના બાયપાસ રોડ પર બાજકોટ નજીક સુપ્રસિદ્ધ દેવરાજધામમાં આગમવેતા સંત શ્રી દેવાયત પંડિતની સમાધિ છે દેવરાજ ધામ મંદિરમાં દર વર્ષે લાખ્ખો શ્રદ્ધાળુઓ દર્શનાર્થે ઉમટી પડે છે દેવરાજ ધામ નજીક ભાજપનું જીલ્લા કાર્યાલય શ્રી કમલમ નિર્માણ કરવામાં આવ્યું છે કાર્યાલય નજીક બાજકોટ ગામ અને દેવરાજ ધામ નજીક ટ્રાફિક નિવારણ માટે લોક ભાગીદારીથી કમલમ સર્કલનું નિર્માણ કરવામાં આવતા બાજકોટ ગામ સહીત ભક્તોમાં છૂપો રોષ પ્રવર્તી રહ્યો હતો કમલમ સર્કલ પર શ્રી દેવાયત પંડિત દાદા સર્કલ બનાવવામાં આવેની માંગ પણ ઉઠતા ભક્તજનોની લાગણી ભાજપ પ્રમુખ અને હોદ્દેદારો સુધી પહોંચતા આખરે ગુરુ પૂર્ણિમાના ૨૪ કલાક પહેલા કમળ પર સંત શ્રી દેવાયત પંડિતની મૂર્તિનું સ્થાપન દેવરાજ ધામના મહંત શ્રી ધનગીરી બાપુના હસ્તે જીલ્લા પ્રમુખ રાજેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું આ પ્રસંગે અન્ય સંત-મહંતો અને બાજકોટ ગામના યુવાનો અને અગ્રણીઓ હાજર રહ્યા હતા દર ગુરુપૂર્ણિમાએ દેવરાજ ધામમાં ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવે છે જેમાં અરવલ્લી-સાબરકાંઠા સહીત ગુજરાત અને રાજસ્થાનમાંથી હજ્જારો ભક્તો દેવરાજ ધામમાં ગુરૂ આશિષ મેળવવા આવતા હોવાથી ભાજપે ગુરુપૂર્ણિમાના કલાકો પહેલા મૂર્તિ સ્થાપિત કરી ભક્તોની નારાજગી દૂર કરવામાં સફળ રહ્યું હોવાની સાથે સર્કલનો વિવાદ ખાળવામાં સફળ રહ્યું હોવાનું એક રાજકીય વિશ્લેષકે જણાવ્યુ હતું

પાલનપુરની ખાનગી સ્કુલની શિક્ષિકાએ પતિ-પત્નિના ત્રાસથી કીડીઓ મારવાની દવા ગટગટાવી

પાલનપુર તા.૧૨

પાલનપુરની એક ખાનગી સ્કુલમાં ફરજ બજાવતી શિક્ષિકાએ પોતાને હેરાન કરતાં શખ્સ અને તેની પત્નિની પજવણીથી ત્રાસી કીડીઓ મારવાની દવા ગટગટાવી લીધી હતી. તેણીને પાલનપુર સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. આ અંગે બંને સામે પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી.જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, પાલનપુરની ખાનગી સ્કુલમાં ફરજ બજાવતાં શિક્ષિકા ઘરેથી સ્કુલે ચાલતા જતા ત્યારે શહેરના પારપડારોડ વૃંદાવન સોસાયટીમાં રહેતો તરૂણભાઈ ભરતભાઈ ત્રિવેદી રસ્તામાં આવી હેરાન કરતો હતો.

તેણી ઘરે હોય ત્યારે ઘર આગળ આંટા ફેરા મારતો હતો. અને જુદાજુદા નંબરથી મેસેજ કરી હેરાન કરતો હતો. આ અંગે શિક્ષિકા તેના ઘરે કહેવા જતાં તરૂણની પત્નિ ટીંકલબેને મોબાઇલ ફોન ઉપર અભદ્ર ટીપ્પણી કરતો મેસેજ કર્યો હતો. જેનાથી લાગી આવતાં શિક્ષિકાએ પોતાના ઘરમાં પડેલી કીડીઓ મારવાની દવા પી લીધી હતી. તેણીને પાલનપુર સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી. આ અંગે પાલનપુર પૂર્વ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગૂનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

સામ્યવાદીઓનું શિક્ષણ અપનાવવાથી દેશમાં ઔવેશી અને આજના કોંગ્રેસીઓ પેદા થયા

થર્ડ અમ્પાયરની દ્રષ્ટિએ...?

બાયડ તા.૧૨

આઝાદ ભારતમાં કોંગ્રેસ સરકારની મરજી અથવા વગર મરજીએ પણ ધીરે ધીરે શિક્ષણમાં સામ્યવાદનો પગ પેસારો થતો ગયો અને બહૂજ દુ:ખ સાથે કહેવું પડે છે કે આપણે બધાએ દેશનો ખોટો ઈતિહાસ ભણ્યો છે!! 'મુસ્લિમ તો ઠીક પણ હિન્દૂઓ પણ સામ્યવાદના ઈતિહાસને સાચો માનીને બેઠા છે અને આવા જ ભણેલાઓ ન્યાયતંત્રના જજ કે વકીલો છે એટલેજ અયોધ્યા, કાશી મથુરામાં હિન્દૂ મંદિર હતા કે નહીં તેનો કેસ ચાલતો હોય ત્યારે દ્વિધ્યામાં મુકાઈ જતા હોય છે...' હમણાંજ મેં ઔવેશી સાહેબની સુધાન્સુ રંજનજી સાથેની ડિબેટ જોઈ હતી, ત્યારે ઔવેશી સાહેબના ઈતિહાસ વિશેના નિવેદન સાંભળીને હસવું આવતું હતું. એતો સારું હતું કે ડીબેટમાં સુધાનશુજી જેવા ઈતિહાસની જડ સુધી ગયેલા પ્રખર વ્યક્તિ બેઠેલા હતા!!

ઔવેશી સાહેબ કહેતા હતા કે ૪૦૦૦ વર્ષ પહેલાં બૌદ્ધ મંદિર તોડ્યું, ૨૦૦૦ વર્ષ પહેલાં ફલાણી ઘટના ઘટી.... વગેરે વગેરે. અરે ભાઈ બૌદ્ધ સંપ્રદાયને ૨૫૦૦ વર્ષ થયાં, ઈસાઈને ૨૦૦૦ વર્ષ અને ઈસ્લામને ૧૪૦૦ વર્ષ!! ૪૦૦૦ વર્ષ પહેલાં બૌદ્ધ મંદિર ક્યાંથી આવી ગયું? 'મથુરા મંદિર ૫૦૦૦ વર્ષનો ઈતિહાસ, અયોધ્યાનો ૧૦૦૦૦ વર્ષનો ઈતિહાસ જ્યારે કાશી વિશ્વનાથ મંદિરનો તો લાખો વર્ષ પુરાણો ઈતિહાસ છે!!' તમને સાચો ઈતિહાસ ભણવો જ નથી તો સત્યની ક્યાંથી ખબર પડશે?? ઔવેશી સાહેબને બાબર, અકબર, ઔરંગઝેબનું નામ લઈએ તો ગમતું નથી પણ ઔવેશી સાહેબને ખબર નથી કે આ બધા મોઘલના વંશજ છે જે ભારતની ઉત્તર દિશાએ કઝાક અને ઉઝબેકથી માંગોલીયા દેશની વચ્ચેના પ્રાંતના ઝનૂની લોકો છે... મોહમ્મદ સાહેબને માનવાવાળા અને તેમને શરૂઆતથી ફોલો કરનાર મુસલિમો તો આરબ દેશો અને ઈરાનની આસપાસના છે. જેઓ ક્યારેય સાંપ્રદાયિક ઝનૂની નથી બન્યા , તેમને પોતાના દેશના વિકાસમાં અને ધંધા રોજગારમાં જ રસ છે....

દેશનો ઈતિહાસ જુવો, હિન્દુસ્થાનમાં ક્યારેય કોઈએ કોઈ સંપ્રદાયનો અનાદર કર્યો નથી. પરંતુ સામ્યવાદી ઈતિહાસે ભારતીય પ્રજામાં હળાહળ ઝેર ભર્યું અને પ્રજામાં સાંપ્રદાયિક વિખવાદ ઉભો કર્યો. મોઘલ રાજાઓ માટે ઔવેશી બચાવ કરતા હોય તો ખોટા છે. હા, મોહમ્મદ સાહેબ અથવા મુસ્લિમ સંપ્રદાય વિરુદ્ધની ટિપ્પણી હોય ત્યાં તેઓ જરૂર પ્રશ્ન કરી શકે છે... પરંતુ ઔરંગઝેબ કે જેઓ મોઘલ વંશના રાજા હતા અને તેમણે હજારો મંદિરનો વિધ્વંશ કર્યો તેનો બચાવ કરતા હોય તો તેઓ ખોટા અને જુઠા છે!! આપણે બધા શુદ્ધ ઈતિહાસથી વંચિત રહી ગયા અને સામ્યવાદનો ભેળસેળ વાળો ઈતિહાસ ભણી રહ્યા છીએ એટલે આ બધો ગોટાળો થયો છે... દેશના પ્રસિદ્ધ વકીલ કપીલ સીબબલ, કનૈયાકુમાર,કોંગ્રેસના પ્રવક્તાઓ, સમાજવાદી પક્ષના પ્રવક્તાઓનો કોઈ વાંક ગુન્હો નથી કારણકે તેઓ જે ભણ્યા છે તેને સાચું માનીને મીડિયા સમક્ષ દલીલો કરી રહ્યા છે....

મને એક કહેવતા બુદ્ધિજીવી અને ભણેલા ગણેલા માણસે દલીલ કરી કે આપણા હિંદુઓ ભગવાન વિષ્ણુના દસ અવતારમાં માને છે પણ હું એટલા માટે આ વાત નથી માનતો કે શું ભારતમાં જ આ દસ અવતારે જન્મ લીધો?? ભારત સિવાય ક્યાંય બીજે કોઈ દેશમાં ભગવાનને જન્મ લેવાનું મન ના થયું?? સામાન્ય રીતે એ ભાઈની વાત વિચાર માંગી લે તેવી હતી, પરંતુ આ ભાઈ આપણી જેમ સિર્ફ સામ્યવાદનો ઈતિહાસ ભણેલા હતા... મેં સિર્ફ એટલુંજ કીધું કે એવો એકપણ પુરાવો આપો કે આજથી ત્રણ-ચાર હજાર વર્ષ પહેલાં ભારતવર્ષ એટલે કે આજના એશીયાખંડ સિવાય કોઈપણ ઉપખંડ યુરોપ,આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, અમેરિકા કે કોઈપણ ભૂમિ ઉપર માનવ વસ્તી મોજુદ હોય? ત્રણ હજાર વર્ષ પહેલાં આજના ભારત આસપાસના દેશો એટલે કે ભારતવર્ષ સિવાય કોઈપણ ખંડમાં માનવ વસ્તી હતી જ નહીં તો કોઈપણ ભગવાન ૫૦૦૦ વર્ષ પહેલાં માનવ રૂપે જન્મ લે તો પણ તેમને ફરજિયાત ભારતમાં જ જન્મ લેવો પડે!! ભાઈ, ભારતનો ઈતિહાસ યુગો યુગ જૂનો પુરાણો છે.... ઓવૈશી સાહેબ ભારતના ગામડે ગામડે શિવલિંગ મળવાના.... કાશી, મથુરા, અયોધ્યા જ નહીં કોઈપણ ગામડે હિન્દૂ સભ્યતાને સાકાર કરનાર મંદિર મળશે અને શિવાલય તો ફરજિયાત મલશેજ!!

અસહ્ય બાફ અને ઉકળાટ ભર્યા માહોલ વચ્ચે

ભિલોડા અને શામળાજી પંથકમાં મેઘમહેર: વાવણી લાયક વરસાદ વરસતા ખેડૂતો ખેતીના કામકાજમાં પરોવાયા

મોડાસા, તા. ૧૨

અસહ્ય બાફ ઉકળાટ ભર્યા માહોલ વચ્ચે આકાશમાં કાળા ડિંબાગ વાદળો ઘેરાયા બાદ દોઢ ઈંચ વરસાદ વરસાદ વરસતા નિચાણવાળા વિસ્તારોમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાયા હતા.કાદવ,કિંચળનું સામ્રાજ્ય ફેલાયું છે.માખી-મચ્છરોનો ઉપદ્રવ વધતા આગામી સમયમાં રોગચાળો

ફેલાઈ તેવી સંભાવના સેવાઈ રહી છે.

અરવલ્લી જીલ્લાના ભિલોડા અને શામળાજી પંથકમાં મેઘમહેર દરમિયાન એકંદરે વાવણી લાયક વરસાદ વરસતા ખેડૂતો ખેતીના કામકાજમાં પરોવાયા છે.મુરઝાતા ખેતીના પાકોને જીવતદાન મળતા ખેડૂતોમાં આનંદની લાગણી પ્રસરી હતી.ભિલોડા તાલુકામાં આજ દિન સુધીમાં કુલ ૧૬૫ મી.મી વરસાદ સરકારી દફતરે નોંધાયો છે.

ભિલોડામાં ગતરોજ સાંજે અને રાત્રે સાર્વત્રિક વરસાદ વરસતા ભિલોડા-ઈડર ધોરીમાર્ગ પર સહકારી જીન પાસે વરસાદી પાણી ભરાયું હતું.ખાડીયા ચોકમાં વરસાદી પાણી ભરાતા વેપારીઓ હેરાન પરેશાન થઈ રહ્યા હતા.

શામળાજી-રતનપુર પંથકમાં મેઘમહેર દરમિયાન વેણપુર ગામ પાસે નેશનલ હાઈ - વે નંબર - ૮ મુખ્ય ધોરીમાર્ગ

પર વરસાદી પાણી ભરાતા વાહન ચાલકોને ભારે હાલાકી ભોગવવાનો વારો આવ્યો હતો.બાઈક,રીક્ષા સહિત કારમાં વરસાદી પાણી ભરાતા એકા-એક બંધ પડ્યા હતા.વરસાદી પાણીનો યોગ્ય નિકાલ ન થતા વાહન ચાલકોમાં હાઈ-વે ઓથોરિટી સામે ભારે આક્રોશ જોવા મળ્યો હતો.

ભિલોડા તાલુકાના વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાઈ જતા પ્રજાજનો હેરાન પરેશાન થઈ રહ્યા હતા.